**DATE: 28/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

# અંકલેશ્વરના મોદી નગરમાં વિદેશી દારૂનો વેપલો કરતો બૂટલેગર ઝડપાયો

| અંકલેશ્વર |

ભરૂચ એલસીબીએ અંકલેશ્વર-હાંસોટ રોડ ઉપર મોદી નગરમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે મહિલા સહિત બે બુટલેગરોને ઝડપી પાડ્યા હતા. ભરૂચ એલસીબીનો સ્ટાફ અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથકની હદમાં પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન બાતમી મળી હતી કે હાંસોટ રોડ ઉપર આવેલ મોદી નગરમાં પ્રકાશ ઉર્ફે મુસો ઠાકોરલાલ મોદી અને પદ્માબેન રમેશ છોટાલાલ મોદી પોતાના ઘરે વિદેશી દારૂનું વેચાણ કરે છે. જેવી બાતમીના આધારે પોલીસે બંને સ્થળે દરોડા પાડ્યા હતા.પોલીસને સ્થળ પરથી વિદેશી દારૂની ૬૦ નંગ બોટલ મળી આવી હતી. પોલીસે ૨૫ હજારનો દારૂ અને ફોન મળી કુલ ૨૭ હજારના મુદ્દામાલ સાથે પદ્માબેન મોદી અને પ્રકાશ મોદીને ઝડપી પાડ્યો હતો.

**DATE: 28/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# આંજોલી-શણકોઈ ગામમાં સટ્ટા બેટિંગના આંકડા લખતા બે શખ્સ ઝડપાયા

નેત્રંગ.તા.૨૭

નેત્રંગ પોલીસ સ્ટેશનના પીઆઈની સુચનાથી પોલીસ સ્ટેફની બે અલગ અલગ ટીમો પોલીસ સ્ટેશન વિસ્તારમા પોહીબીશન-જુગાર ની રેડમા હતા.

## પોલીસે અન્ય એક શખ્સને વોન્ટેડ જાહેર કર્યો

તે સમય દરમિયાન બે અલગ અલગ બાતમીના આધારે શણકોઈ ગામે આશ્રમ ફળીયામા રહેતી જોષના વિજય કાલીદાસ વસાવા ઘરના આગળના ભાગે ખુલ્લી અડાળીમાં બેસી જાહેરમાં ગેરકાયદ આંક ફરકના આંકડા લખી પૈસાની લાગ લગાવી હરાજીતનો જુગાર રમી રમાડી રહેલો હતો. જે બાતમી આધારે કરાતા જોષના વિજય વસાવા ઝડપાઈ ગયો હતો.

જેની અંગઝડતી લેતા રોકડા રૂ.૪૨૦ તપાસ કરાતા આંકડા તે ચંદવાણ ગામના તાડકંપની ફળીયા ખાતે રહેતો જીભાઈ ઓલીયા વસાવાના કહેવાથી કમિશન પર લખતા હોવાનુ જણાવતા જીભાઈ વસાવાને વોન્ટેડ જાહેર કરેલો છે.

બીજી ટીમને મળેલી બાતમી મુજબ આંજોલી ગામે સરપંચ ફળીયામા રહેતો રાજેશ રતિલાલ સુરકીયાના ઘરે રેડ કરાતા રોકડા રૂ.૧૩૮૫ તેમજ અંગઝડતીના રૂ.૧૨૦ મળી કુલ.રૂ. ૧૫૦૫ ના મુદામાલ સાથે ઝડપાઈ ગયો હતો.નેત્રંગ પોલીસે કુલ્લે રૂ.૧૯૨૫ ના મુદામાલ સાથે બે આરોપીઓને ઝડપી લઈ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 28/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-03**

### અંકલેશ્વર ઓ.એન.જી.સી. વર્કશોપ પાસે

# શંકાસ્પદ લોખંડના ભંગાર ભરેલા ટેમ્પાના ચાલકની અટકાયત

**અંકલેશ્વર તા. ૨૭**

**અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ ટુકડી એ નાઈટ રાઉન્ડ પેટ્રોલીંગ દરમ્યાન શંકાસ્પદ લોખંડના ભંગાર ભરેલા ફોર વ્હીલ ટેમ્પાના ચાલકની અટકાયત કરી હતી.**

## પોલીસે રૂ.૩.૧૮ લાખનો ભંગાર જપ્ત કર્યો

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસનો સર્વેલન્સ વિભાગનો સ્ટાફ નાઈટ રાઉન્ડ પેટ્રોલીંગમાં હતા.

તે દરમ્યાન ઓ.એન.જી.સી. વર્કશોપ પાસે વાહન ચેકીંગ દરમ્યાન એક આઈસર કંપનીનો ટેમ્પોને રોકી તપાસ કરતા ટેમ્પામાં લોખંડના સળીયા તથા લોખંડની એંગલો નો મોટા પ્રમાણમાં જથ્થો ભરેલ મળી આવ્યો હતો.જેથી ટેમ્પાને રોડની સાઈડે કરાવી ટેમ્પ ચાલકને નીચે ઉતારી ટેમ્પામાં ભરેલ સામાન બાબતે કોઈ આધાર પુરાવા કે બીલ્ટી માંગતા તે રજુ કરી શક્યો ન હતો.

આથી પોલીસે તેને જપ્ત કરી ટેમ્પો ચાલક નરેશભાઈ રમેશભાઈ સલાટની અટકાયત કરી હતી. પોલીસે ૯૦૯૦ કિલો ભંગાર કબજે કર્યો હતો.રૂ. ૩.૧૮ લાખનો ભંગાર અને રૂ. ૫ લાખનો આયસર ટેમ્પો મળી કુલ રૂ. ૮.૨૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.આ ભંગાર તેણે સુરત ખાતેથી ભરી અમદાવાદ લઈ જતો હોવાની કેફીયત પોલીસ સમક્ષ કરી હતી.

**DATE: 28/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-02**

### આરોપી નેત્રંગ પાસે આવેલાં બલદવા ગામનો રહેવાસી નીકળ્યો

# અંકલેશ્વર નજીક નિવૃત્ત શિક્ષકને ટક્કર મારી ભાગેલો ગાડીનો ડ્રાઈવર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના હાંસોટ રોડ પર મોપેડ લઈને જતા નિવૃત શિક્ષકને પાછળથી આવેલી પીકઅપ ગાડીના ચાલકે ટક્કર મારતા મોત નીપજ્યું હતું. પીકઅપ ચાલક અકસ્માત સર્જી વાહન લઈ ફરાર થઈ ગયેલાં ગાડીચાલકને આખરે ધરપકડ કરવામાં આવી છે.

ચોર્યાસી ભાગોળ વિસ્તાર માં રહેતા 70 વર્ષીય નિવૃત શિક્ષક બળવંતગુજ્જર ગત 06 ના રોજ મોપેડ લઈ હાંસોટ અર્થે કામ અર્થે નીકળ્યા હતાં.એશિયાડ નગર પાસે પાછળથી પુરપાટ અજાણ્યા વાહનએ જોરદાર ટક્કર મારી હાંસોટ તરફ ભાગી ગયો હતો. ગંભીર ઈજા પામેલા શિક્ષકનું સ્થળ પર મોત થયું હતું. પોલીસે આસપાસ લાગેલા સીસીટીવીના ફૂટેજની ચકાસણી કરતાં તેમાં એક બોલેરો ગાડી શંકાસ્પદ જણાય હતી. એ ડિવિઝન પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરુ કરી હતી. નેત્રંગ તાલુકા ના બલદવા ગામના પરસોત્તમ કાળીયા વસાવાની અટકાયત કરી પૂછપરછ કરતા આ અકસ્માત ની



કબૂલાત કરી હતી.પોલીસે તેની ધરપકડ કરી બોલેરો પીકઅપ ગાડી કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે

**DATE: 28/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-10**

# દિવાળીના તહેવારોને લઈ ભરૂચ પોલીસ એલર્ટ મોડમાં, ઠેર ઠેર સઘન ચેકિંગ

**વાહન ચેકિંગ, ફૂટ પેટ્રોલિંગ ઉપરાંત હાઈવે પર પણ સઘન તપાસ ચાલુ: વેપારીઓ તેમજ બહારગામ જતાં લોકો માટે પોલીસે માર્ગદર્શિકા જાહેર કરી**



ભરૂચ: દિવાળીના તહેવાર ટાણે ભરૂચ જિલ્લામાં પોલીસ એલર્ટ થઈ ગઈ છે. પોલીસ દ્વારા વાહન ચેકિંગ, ફૂટ પેટ્રોલિંગ સહિતની કામગીરી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત વેપારીઓ સાથે મીટીંગ યોજી તમામ બાબતોની માહિતી આપી હતી. સાથે જ પાલેજમાં હાઈવે પર વાહનોનું ચેકિંગ હાથ ધરાયું હતું

આગામી દિવસોમાં દિવાળી સહિતના તહેવારો આવી રહ્યા છે, ત્યારે જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે અને શાંતિપૂર્ણ માહોલમાં તહેવારોની ઉજવણી કરાય તે માટે ભરૂચ જિલ્લામાં પોલીસ એલર્ટ મોડમાં છે. દરેક પોલીસ સ્ટેશન વિસ્તારોમાં અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા ફૂટ પેટ્રોલિંગ તેમજ વાહન ચેકિંગની કામગીરી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત કલેકટરના જુદા જુદા જાહેરનામાં છે, તેની અમલવારી થઈ રહી છે કે કેમ તે અંગે પણ ચેકિંગ કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત જિલ્લા એસપી મયુર ચાવડાએ આપેલા આદેશ મુજબ પોલીસના ઉચ્ચ અધિકારીઓએ વેપારીઓ સાથે મીટિંગ પણ યોજી હતી, જેમાં તહેવારો અને બહારગામ જતાં કઈ કઈ બાબતોને લઈને તકેદારીઓ રાખવી તેની માહિતી પણ પોલીસ દ્વારા આપવામાં આવી હતી. પાલેજ ખાતે પીઆઈ આર.સી. વસાવા દ્વારા હાઈવે પર ચેકીંગ હાથ ધરાયું હતું.

**DATE: 29/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**


### સાંઇ વાટિકા સોસાયટીમાં રહેતા યુવાનની સંડોવણી, કારનો દરવાજો ખુલ્લો હતો

# માંડવા પાસે કારમાંથી ચોરી કરેલી રીવોલ્વર અને 6 જીવતા કારતૂસ સાથે યુવાનની ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર માંડવા ટોલનાકા નજીક કારમાંથી રીવોલ્વર તથા કારતૂસની ચોરી કરનારા યુવાનને એસઓજીએ ઝડપી પાડયો છે. આરોપી માંડવા પાસે આવેલી સાંઇવાટિકા સોસાયટીનો રહેવાસી છે.

દેવગઢ બારિયા ખાતે રહેતા નીલ સોની રવિવારના રોજ ભરૂચ નજીક નેશનલ હાઈવે



પરથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન માંડવા ટોલનાકા પાસે કાર પાર્ક કરી તેઓ કામ માટે ગયાં હતાં. આ સમયે તેમણે ડેશબોર્ડ પર તેમની લાયસન્સવાળી રીવોલ્વર અને કારતૂસ મુકયાં હતાં. આ સમયે તેમની કારનો દરવાજો ખુલ્લો રહી ગયો હતો.

આ તકનો લાભ ઉઠાવી કોઈ તેમની રીવોલ્વર અને કારતૂસ ઉઠાવીને નાસી ગયું હતું. બનાવ અંગે તેમણે પોલીસને જાણ કરતાં પોલીસે તપાસ હાથ ધરી હતી. એસઓજીની ટીમને ચોરીમાં ગયેલી રીવોલ્વર અને કારતૂસ માંડવા ગામ નજીક આવેલ સાંઈ વાટિકા સોસાયટીમાં રહેતાં યુવાન પાસે હોવાની બાતમી મળી હતી. પોલીસે દરોડા પાડતા મૂળ મધ્યપ્રદેશના ગ્વાલિયરના રહેવાસી પ્રિન્સ રાયની ધરપકડ કરી હતી. મકાનની તલાશી લેતાં તેમાંથી રીવોલ્વર અને 6 કારતૂસ મળી આવ્યાં હતાં. પોલીસે તેની વધુ પૂછપરછ હાથ ધરી છે.

**DATE: 29/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### હુમલાખોરોએ કુદરતી હાજતે ગયેલાં યુવાન પર ચપ્પુથી હુમલો પણ કર્યો હતો

# અંકલેશ્વરના ગડખોલ નજીક યુવાનને લૂંટીને ભાગી ગયેલા અન્ય 3 લૂંટારુ પોલીસ સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર
જીઆઇડીસી

અંકલેશ્વરના ગડખોલ નજીક રેલવે ટ્રેક પર કુદરતી હાજતે ગયેલાં યુવાનને લુંટી લેવાના કેસમાં પોલીસે વધુ 3 આરોપીને ઝડપી પાડયાં છે.ગડખોલની રચના નગરમાં રહેતો વિપુલ સાટીયા બે દિવસ પૂર્વે સાંજે રેલવે ટ્રેક પર કુદરતી હાજત માટે ગયો હતો તે સમયે 4 યુવાનો મોઢા પર રૂમાલ બાંધીને આવ્યાં હતાં. તેમણે વિપુલના ગળા પર ચપ્પુ મુકીને મોબાઈલ અને પૈસા લુંટી લીધા હતાં. આ સમયે અન્ય એક યુવાન આવી જતાં બંનેએ ભેગા મળી લુંટારૂઓનો મુકાબલો કર્યો હતો જેમાં લુંટારૂઓએ ચપ્પુ મારી દેતાં બંને ઘાયલ થયા હતાં પણ તેમણે એક લુટારૂને પકડી રાખ્યો હતો. આ લુટારૂની પૂછપરછ દરમિયાન તેના 3 સાગરિતોનું પણ પગેરૂ પોલીસને મળ્યું હતું. જીઆઈડીસી પોલીસે ગણતરીના સમયમાં જ પોલીસે 3 લૂંટારુઓને



ઝડપી પાડ્યા હતા. મૂળ ઉત્તરપ્રદેશના અને હાલ શાંતિ નગરમાં રહેતા સાદાબ ખાન,ઈમરાન સૈયદ અને ફિરોઝ ચૌધરીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ચારેય આરોપીઓ અન્ય કોઈ ગુનામાં સંડોવાયેલાં છે કે કેમ તેની તપાસ પણ શરૂ કરવામાં આવી છે.

**DATE: 29/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

**એજન્સીઓની આંખમાં ધૂળ** | સિગરેટની 5,900 ડબ્બી, 4 લેપટોપ, 18 બેટરી અને 2 આઇફોન મળ્યાં

# દુબઇથી વાયા અમદાવાદ થઇ મુંબઇ સુધી સિગરેટ અને કિંમતી સામાનની દાણચોરી, દંપતીની ધરપકડ

## ભરૂચ એસઓજીને મોટી સફળતા મળી : મુંબઇનો મુખ્ય સૂત્રધાર વોન્ટેડ

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર, ભરૂચ

ભરૂચ પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગૃપે દુબઈથી વિદેશી સિગરેટોને સરકારની એક્સાઈઝ ડ્યુટી ભર્યા વિના વાયા અમદાવાદ થઈને મુંબઈ પહોંચાડવાના કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. મુલદ ટોલપ્લાઝા નજીકથી થાણેના મુમરાના રહેવાસી દંપતિની ધરપકડ કરી છે. તેમની પાસેથી 11.80 લાખની વિદેશી સિગરેટ, લેપટોપ, આઈફોન અને બેટરી સહિત કુલ 15.19 લાખનો મુદ્દામાલ કબજે લેવાયો છે. આ કૌભાંડનો માસ્ટર માઈન્ડ એવો મુંબઈનો યુવાન ફરાર હોવાથી તેને ઝડપી પાડવાની કવાયત હાથ ધરવામાં આવી છે. ભરૂચ એસઓજીની ટીમે ચોક્કસ બાતમીના આધારે મુલદ ટોલપ્લાઝા પાસે વોચ ગોઠવી હતી. જેમાં બાતમી મુજબની કાર અમદાવાદ તરફથી આવતાં તેને રોકવામાં આવી હતી. તેની તલાશી લેવામાં આવતાં તેમાંથી વિદેશી સિગરેટ, લેપટોપ, લેપટોપની બેટરી અને આઈફોન સહિતનો કિંમતી સામાન મળી આવ્યો હતો.





**ઝડપાયેલા આરોપી**

- મહેરૂઝ સુલેમાન કુરેશી
- હીના મહેરૂઝ કુરેશી

(બંને રહેવાસી : રૂમ નં--37, ભુરા મહેલ બિલ્ડિંગ, મુમરા, જિ. થાણે)

## દરેક ખેપના દંપતીને 23 હજાર રૂપિયા મળતાં હતા

ઝડપાયેલાં યુગલે પ્રાથમિક પુછપરછમાં જણાવ્યું હતું કે, અબ્દુલ્લા તેમનો દુબઇ આવવા જવાનો તેમજ રહેવાનો ખર્ચ ઉપાડતો હતો. ત્યાંથી તેમને જે બેગ મળતી તે તેઓએ મુંબઈ પહોંચાડવાની હતી. આ કામ માટે મહિલાને 10 હજાર જ્યારે પુરૂષને 13 હજાર રૂપિયા મળતાં હતાં. તેઓએ અગાઉ અન્ય લોકો માટે આવી ખેપ મારી હોવાની તેમણે કબુલાત કરી છે.

## મુંબઈનો અબ્દુલ્લા પકડાય તો અન્ય ભેદ ઉકેલાય

દંપતિની પુછપરછમાં તેમણે અગાઉ પણ દાણચોરી માટે આ પ્રકારની ખેપ મારી હોવાની કબુલાત કરી છે. તેમાંય તેમણે એકવાર સોનાની પણ દાણચોરી કરી હોવાની કબુલાત કરી હતી. મુંબઈના અબ્દુલને શોધવાની કવાયત ચાલુ છે. તેની ધરપકડ થાય તો દાણચોરીના આખા કારસાનો ઘટસ્ફોટ થાય તેમ છે. » એ. એ. ચૌધરી, પીઆઈ, એસઓજી, ભરૂચ.

## એક્સાઈઝ ડ્યૂટી ભર્યા વિના કિંમતી વસ્તુઓનું સ્મગલિંગ

મુમરાનું કુરેશ દંપતિ અગાઉ સોનાની દાણચોરી કરી ચુક્યું હોવાની વિગતો સામે આવી છે. મુંબઈ એરપોર્ટ પર ચેકિંગ વધારે હોવાથી તેમણે અમદાવાદ પર પસંદગી ઉતારી હતી. દુબઈથી તેઓ અમદાવાદ એરપોર્ટ પર ઉતરતા હતાં અને ઈમિગ્રેશન સિક્યુરીટીમાં પકડાઈ ન જવાય તે રીતે સિગરેટ સહિતની કિમંતી વસ્તુઓ એક્સાઈઝ ડ્યુટી ભર્યા વિના એરપોર્ટની બહાર આવી જતાં અને ત્યાંથી અન્ય વાહનમાં બેસીને મુંબઈ જતાં રહેતાં હતાં.

## અમદાવાદ કસ્ટમ વિભાગની કામગીરી શંકાના દાયરામાં

દુબઈથી ચાર બેગમાં કુલ 5900 સિગરેટની ડબ્બી ભરીને દંપતિ અમદાવાદ એરપોર્ટ પર ઉતર્યું હતું. જ્યાંથી કસ્ટમ વિભાગની હાઈસિક્યુરિટી પાર કરીને તેઓ બહાર આવ્યાં હતાં. ત્યારે કસ્ટમ વિભાગને તેઓએ કેવી રીતે ચકમો આપ્યો તે મોટો પ્રશ્ન છે બીજી તરફ કસ્ટમ વિભાગમાં પણ તેમના કોઈ મળતિયા હોય તેવી શક્યતાઓ નકારી શકાય તેમ ન હોય અમદાવાદ એરપોર્ટનો કસ્ટમ વિભાગ પણ શંકાના દાયરામાં આવ્યો છે. ત્યારે તપાસ જરૂરી બની છે.

**DATE: 30/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# જમીનમાં દાટેલાં માટલામાં સંતાડેલો દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

નેત્રંગના ભાંગોરી ગામે રહેતાં બૂટલેગર કમલેશ પુના વસાવાના ઘરે નેત્રંગ પોલીસની ટીમે દરોડો પાડ્યો હતો. ટીમે તેના ઘરમાં તપાસ શરૂ કરી હતી. દરમિયાનમાં તેમના ઘરના પાછળના ભાગે નાવણિયામાં જમીન નીચે તેણે ખાડો ખોદી માટલામાં દારૂની બોટલો ભરીને સંતાડી હોવાનું જણાયું હતું. ટીમેતેના ત્યાંથી કુલ 30 બોટલો જપ્ત કરી હતી. દારૂની બોટલો તેણે કુંબોડિયા ગામના ઠાકોર કરશન વસાવાને ત્યાંથી લાવ્યો હોવાની કબુલાત કરી હતી.

# અંકલેશ્વર ડુપ્લીકેટ સૂઝ સાથે વેપારીની અટકાયત કરાઈ

અંકલેશ્વર તા. ૨૯

અંકલેશ્વર જી.આઈ.ડી.સી.પોલીસે લીટલ હટ ચોકડી પાસે આવેલ અંકલેશ્વરિયા કોમ્પ્લેક્ષમાં જે.કે.સેફટી નામની દુકાનમાંથી બ્રાંડના સેફટી સુઝના ડુપ્લીકેટ સુઝ સાથે વેપારીની ૫૯ હજારના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો.

અંકલેશ્વર જી.આઈ.ડી.સી.માં આવેલ લીટલ હટ ચોકડી સ્થિત આવેલ અંકલેશ્વરિયા કોમ્પ્લેક્ષમાં જે.કે.સેફટી નામની દુકાનમાં ટાઈગર બ્રાન્ડ સેફટી સુઝના ડુપ્લીકેટ સૂઝનું વેચાણ કરવામાં આવી રહ્યું છે.જેવી બાતમીના આધારે ઈન્વેસ્ટીગેશન ઓફિસર પ્રહલાદ ચંદ્ર સોહનલાલ સુવાલાલ નાયકએ જી.આઈ.ડી.સી. પોલીસ સાથે રહી બાતમી વાળી શોપમાં તપાસ કરતા સ્થળ પરથી ટાઈગર બ્રાન્ડ સેફટી સુઝના ડુપ્લીકેટ ૮૫ જોડી સૂઝ મળી આવ્યા હતા પોલીસે દુકાનદાર અને ગાર્ડન સીટીમાં રહેતો કલ્પેશ સોમાભાઈ પટેલ વિરુદ્ધ કોપી રાઈટ અંગેનો ગુનો નોંધી કુલ ૫૯ હજારથી વધુનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 30/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-07**

# વાલિયાના ભીલોડમાં મિત્રની હત્યા કરનાર હત્યારા મિત્રની ધરપકડ

ભરૂચઃ ગત તા.26 ઓક્ટોબરના રોજ વાલિયાના ભીલોડ ગામના મંદિરમાં રહેતા બુધિયા ઈશ્વરભાઈ વસાવા અને સોમા વસાવા બંને મિત્રો વચ્ચે એકબીજાની મશ્કરી કરવા બાબતે ઝઘડો થયો હતો. આથી ઉશ્કેરાયેલા સોમાએ મિત્ર બુધિયાને પગના ભાગે ઈજા પહોંચાડતાં ઈજાગ્રસ્તને તાત્કાલિક સારવાર અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. એ સમયે બુધિયાનું ગંભીર ઈજાઓને પગલે મોત નીપજ્યું હતું. પોલીસ વિભાગે ગણતરીના કલાકોમાં હત્યારા મિત્ર સોમા વસાવાને ઝડપી પાડ્યો હતો.

**DATE: 30/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ઝઘડિયાથી પાનોલી તરફ જતું હતું, નમૂના લેવાયાં

# અંકલેશ્વરની રાજપીપળા ચોકડીથી શંકાસ્પદ કેમિકલ ભરેલું ટેન્કર જપ્ત

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



ભરૂચ એલસીબીએ રાજપીપળા ચોકડી પર થી શંકાસ્પદ કેમિકલ ભરેલુંટેન્કર ઝડપી પાડ્યું હતું. રાજપીપળા ચોકડી પાસે દરમિયાન એક ટેન્કર ચાલકની શંકાસ્પદ હિલચાલ જોવા મળી હતી. જેથી પોલીસની ટીમે ટેન્કરને અટકાવી ડ્રાઈવરની પૂછપરછ આદરી હતી. જેમાં તેણે ટેન્કર ઝઘડીયા જીઆઈડીસીમાં આવેલ કેએલજે ઓર્ગેનિકમાંથી એચસીએલ ભરીને પાનોલીની ફલોરો કેમ કંપનીમાં લઈ જઈ રહયો હોવાની વાત કહી હતી પણ પોલીસને શંકા હોવાથી જીપીસીબીને જાણ કરી હતી. જીપીસીબીની ટીમે સ્થળ પર દોડી આવી અને કેમિકલના નમૂના લઈ તપાસ માટે મોકલી આપ્યાં હતાં. હાલ તો પોલીસે 41 (1) ડી મુજબ કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 30/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### દિવાળી પર્વને લઇને પોલીસે ખાસ ઝૂંબેશ શરૂ કરી હતી

# ભરૂચમાં 25 દિવસમાં 1309 જાહેરનામા ભંગના ગુના નોંધાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લામાં દિવાળી પર્વમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ જિલ્લામાં કોઇ ગંભીર પ્રકારના ગુના ન બને તે માટે પોલીસ વિભાગ દ્વારા ખાંસ ઝૂંબેશ શરૂ કરવામાં આવી હતી. જેમાં એસઓજી પોલીસની ટીમ સાથે જિલ્લાના 25 પોલીસ મથકોમાં પોલીસ કર્મીઓ દ્વારા ભાડૂઆત નોંધણી નહીં કરનારા 1309 મકાન માલિકો સામે કાર્યવાહી હાથ ધરી હતી.

ભરૂચ જિલ્લામાં દિવાળીના પર્વ પૂર્વે જ પોલીસ તંત્ર એક્શનમાં આવી ગયું હતું. દિવાળીના ટાણે કોઈ ગુનાઈત કૃત્યને અંજામ આપવા માટે મકાન-દુકાન સહિતની મિલકત ભાડેથી રાખી ચોરી, લૂંટફાટ સહિતના ગંભીર ગુનાઓને અંજામ આપે તેવી શક્યતાઓ નકારી શકાય તેમ નથી. બીજી તરફ જિલ્લા કલેક્ટરે પણ ભાડૂઆતોની નોંધણી સ્થાનિક પોલીસ મથકે ફરજિયાત કરવા અંગેનું જાહેરનામું બહાર પાડ્યું છે. જેના પગલે ભરૂચ એસઓજી તેમજ જિલ્લાના 25 પોલીસ મથકો ભાડૂઆતની નોંધની ન કરનારાઓ 1309 માલિકો સામે કાર્યવાહી કરી છે.

**DATE: 30/10/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-07**

# અમે રહીશું ફિટ: ભરૂચમાં એકતા દોડની ઉજવણી થઈ



ભરૂચ: દેશના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી નિમિત્તે 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણીના ભાગરૂપે મંગળવારે ભરૂચ ખાતે 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણીના ભાગરૂપે એકતા દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. એકતા દોડ કલેક્ટર કચેરીથી પ્રસ્થાન કરી શક્તિનાથ સર્કલ થઇ માતરિયા તળાવ અને પરત શક્તિનાથ સર્કલ થઇ કલેક્ટર કચેરી પૂર્ણ થઇ હતી. ઉપરાંત ઉપસ્થિત સૌએ ભારતની એકતા અને અખંડિતતા જાળવી રાખવાનાં શપથ ગ્રહણ કર્યા હતા. સમગ્ર યાત્રાનો માર્ગ ભારત માતા કી જય અને વંદે માતરમના સૂત્રોચ્ચાર કર્યાં હતાં. ભરૂચના કલેક્ટર કચેરી ખાતેથી એકતા દોડનું ધારાસભ્ય રમેશભાઇ મિસ્ત્રી, કલેક્ટર તુષાર સુમેરા, જિલ્લા પોલીસવડા મયૂર ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. આ રન ફોર યુનિટી અંતર્ગત દોડમાં પ્રાંત અધિકારી, જિલ્લા રમત વિકાસ અધિકારી, જિલ્લા રમત ગમત અધિકારી, જિલ્લા વહીવટી તંત્રના અધિકારી-કર્મયોગીઓ, વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, પોલીસ હેડ ક્વાર્ટરનો સ્ટાફ, જી.આર.ડી. જવાનો, હોમગાર્ડના જવાનો, રમતવીરો, વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતા.

**DATE: 01/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRAPAGE-11**



# ભાડામાલિકો પર ભીંસ: ભરૂચ જિલ્લામાં જાહેરનામા ભંગના 1309 ગુના દાખલ

**ભાડુઆતો** અંગે નોંધણી કરાવી ન હતી

ભરૂચ: ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા ઘર ભાડે આપી ભાડા કરારની નોંધણી ન કરાવનાર 1309 મકાનમાલિક સામે જાહેરનામા ભંગની ફરિયાદ દાખલ કરાઈ હતી.

ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા એક ઝુંબેશ હાથ ધરવામાં આવી છે, જેમાં ઘર ભાડે આપતા મકાનમાલિકોએ ભાડા કરારની નોંધણી પોલીસ સ્ટેશનમાં કરાવવી જરૂરી છે. તેમ છતાં કેટલાક મકાનમાલિકો આ બાબતે ઉદાસીન રહી ભાડા કરારની નોંધણી કરાવી નથી. ત્યારે ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં તપાસ શરૂ કરવામાં આવી હતી, જેમાં SOG, ભરૂચ એ અને બી ડિવિઝન, શહેર સી ડિવિઝન, ભરૂચ તાલુકા પોલીસ, નબીપુર, પાલેજ, મરિન દહેજ, આમોદ, અંકલેશ્વર એ-બી ડિવિઝન, અંકલેશ્વર તાલુકા, અંકલેશ્વર જી.આઈ.ડી.સી. તેમજ પાનોલી જી.આઈ.ડી.સી., હાંસોટ, વાલિયા, ઉમલ્લા, ઝઘડિયા પોલીસ સ્ટેશન, ઝઘડિયા જીઆઈડીસી, રાજપારડી અને નેત્રંગ પોલીસ સ્ટેશન મળી કુલ 1309 જેટલા મકાનમાલિકો સામે ફરિયાદ દર્જ કરી કાર્યવાહી કરવામાં આવી છે.

**DATE: 01/11/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

### પોર્ટલ પરથી પોલીસની માહિતી મળી હતી

# અંકલેશ્વરમાં રૂ.2.46 લાખના 9 મોબાઈલ માલિકને સોપાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

કેન્દ્ર સરકારના સીઈઆઈઆર પોર્ટલના માધ્યમથી ગુમ થઇ ગયેલ મોબાઇલ ફોન શોધીને મુળ માલિકોને પરત કરવામાં આવ્યાં છે. કેન્દ્ર સરકારના સી.ઇ.આઈ.આર. પોર્ટલના માધ્યમથી ગુમ થઇ ગયેલાં મોબાઇલ શોધી આપવાની કામગીરી પોલીસ કરી રહી છે. પોલીસે રૂ.2.46 લાખની કિંમતના 9 મોબાઈલ ફોન મૂળ માલિકોને પરત કરવામાં સફળતા મેળવી છે. બી ડિવિઝન પોલીસે 2 મહિના અગાઉ પણ રૂ.1.78 લાખની કિંમતના 11 મોબાઈલ મૂળ માલિકોને પરત કર્યા હતા.

આ સાથે જ મોબાઈલ ચોરી થવા અથવા ગુમ થવાના બનાવમાં શું કરવું તેની માહિતી આપતા પોલીસે જણાવ્યું હતું કે સૌ પ્રથમ ગુગલ પરથી WWW.CEIR.GOV.IN પર જવાનું જેમાં ગમ અથવા ચોરી થયેલ મોબાઈલ અંગેની માહિતી આપવાથી તમને એક આઇ.ડી.મળશે જેના આધારે તમે તમારા ચોરી થયેલ મોબાઈલનું સ્ટેટ્સ તપાસી શકો છો.